# વીજ બીલ અંગેની સાદી સમજણ.

## Q-1. પી.જી.વી.સી.એલ. શા માટે મને દર મહીને બીલ આપી ન શકે?

**Response:**

૧. પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા ગ્રાહકોને તેમના સ્થળ પર વીજ બીલ આપવામાં આવે છે. જેમાં **GERC SUPPLY CODE CLAUSE 2.3 (10)** ની જોગવાઈ મુજબ સામાન્ય રીતે ૬ કિ.વો. થી વધુ લોડ ધરાવતા અને થ્રી ફેઇઝ ગ્રાહકોનું બિલીંગ દર મહીને બિલીંગ સાયકલ -૫માં અને તે સિવાયના તમામ ગ્રાહકોનું ભૌગોલિક વિસ્તાર મુજબ બિલીંગ સાયકલ ૧ / ૨ / ૩ / ૪ માં દ્વિમાસિક ધોરણે બિલીંગ કરવામાં આવે છે.

## Q-2. મારા વીજ બિલનો સમયગાળો શું છે?

**Response:**

૧. બિલીંગ સાયકલ અંગેની સાદી સમજણ નીચે મુજબ છે.

| Billing Cycle | Unit Consumption Period | Meter Reading Schedule | Billing Month |
|---|---|---|---|
| Monthly | 11-Jan-22 to 10-Feb-22 | 11-Feb-22 to 20 Feb-22 | Feb Billed in Mar-22 |
| Bi-Monthly | 21-Dec-21 to 20-Feb-22 | 21-Feb-22 to 10-Mar-22 | Jan-Feb Billed in Mar-22 |

૨. ઉપરોક્ત મુજબ દરેક વીજ ગ્રાહકનું **GERC SUPPLY CODE CLAUSE 6.17** મુજબ સાયકલ – ૫ દર ૩૦ & ± ૩ દિવસે તેમજ દ્વિમાસિક બિલીંગ સાયકલ દર ૬૦ & ± ૫ દિવસે મીટર રીડીંગ કરવામાં આવે છે.

## Q-3. પી.જી.વી.સી.એલ. દ્વારા મને વીજ બીલ વિલંબથી આપવામાં આવેલ છે, તેના કારણે મારે ઊંચા યુનિટ સ્લેબ સાથેના બિલનું પેમેન્ટ શું કામ કરવું ?

**Response:**

૧. ઉપરોક્ત સમય કરતા જો ગ્રાહકના મીટર રીડીંગમાં જો વિલંબ થાય તો બિલીંગ સીસ્ટમ દ્વારા ગ્રાહકના અગાઉના બીલની તારીખ અને હાલના બીલની તારીખ વચ્ચેના દિવસોના આધારે **PRORATA** યુનિટ સ્લેબ ગણીને ગ્રાહકને ઊંચા યુનિટ સ્લેબના કારણે કોઈ નાણાકીય નુકશાન ન જાય તેની ખાસ કાળજી રાખવામાં આવે છે. જેનું ઉદાહરણ નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| Current Bill Date | 28-May-22 | | |
| Previous Bill Date | 11-Mar-22 | Unit | 690 |
| Days | 78 | | |

| Unit Slab | Unit | Billing Factor | Prorata Unit Slab | Rate | Energy Charge | Unit_Standard Slab | Energy Charge |
|---|---|---|---|---|---|---|---|
| Slab -1 | 100 | 1.2 | 120 | 3.05 | 366.00 | 100 | 305.00 |
| Slab-2 | 100 | 1.2 | 120 | 3.5 | 420.00 | 100 | 350.00 |
| Slab-3 | 300 | 1.2 | 360 | 4.15 | 1494 | 300 | 1245.00 |
| Slab-4 | >500 | 1.2 | 90 | 5.2 | 468 | 190 | 988.00 |
| | | **Total** | **690** | | **2748.00** | **690** | **2888.00** |

આમ ઉપરોક્ત ઉદાહરણમાં જો ૬૦ દિવસ મુજબ બીલ બનાવવામાં આવે તો એનર્જી ચાર્જ રૂ.૨૮૮૮/- થાય છે. પરંતુ ઉપરોકત કિસ્સામાં ગ્રાહકના હાલનું બીલ અને અગાઉ આપવામાં આવેલ બીલ વચ્ચે ૭૮ દિવસનો સમયગાળો છે. એટલે કે ગ્રાહક ણે ૧૮ દિવસ મોડું બીલ મળેલ છે. જેથી રૂટીન બાય-મન્થલી યુનિટ સ્લેબ મુજબ બીલ ગણવાને બદલે **BILLING FACTOR** મુજબ **REVISED UNIT SLAB** મુજબ બીલ ગણવામાં આવેલ છે. જેમાં **BILLING FACTOR** ગણવા માટે કુલ દિવસ ૭૮ / નિયત બિલીંગ પીરીયડના ૬૫ દિવસ વડે ભાગતા ( ૭૮/૬૫) = ૧.૨ **BILLING FACTOR** આવે છે.

જે **BILLING FACTOR** નો નિયત બાય મન્થલી યુનિટ સ્લેબ વડે ગુણાકાર કરતા ( ૧૦૦ X ૧.૨)= ૧૨૦ યુનિટ નો નવો યુનિટ સ્લેબ બને છે. જે મુજબ બે વીજ બીલ વચ્ચેના દિવસો ધ્યાનમાં રાખી બીલ બનાવતા એનર્જી ચાર્જ રૂ.૨૭૪૮/- ગણવામાં આવેલ છે. જે નિયત યુનિટ સ્લેબ મુજબની બીલ ગણતરી કરતા રૂ.૧૪૦/- ઓછું છે. અને આ રીતે સ્લેબના હિસાબે ગ્રાહકોને નાણાકીય નુકશાન ન જાય તે સીસ્ટમ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

## Q-4. દર વખતે નિયમિત પૂરેપૂરું પેમેન્ટ કરવા છતાં મારા વીજ બીલમાં આગલી રકમ બાકી શા માટે આવે છે?

**Response:**

૧. મીટર રીડર દ્વારાબનાવવામાં આવેલ બીલને “મીટર રીડર” બીલ કહેવામાં આવે છે. જે પ્રવતમાન બિલીંગ સીસ્ટમ મુજબ ગ્રાહકના સ્થળ પરજ મીટર રીડર દ્વારા વીજ બીલ બનાવવામાં આવતું હોવાથી જે તે સબંધિત બિલીંગ સાયકલ નું મીટર રીડીંગ પૂર્ણ થયા બાદ મીટર રીડર દ્વારા આપવામાં આવેલ ઈનપુટના આધારે બિલીંગ સીસ્ટમ દ્વારા જે તે ગ્રાહકના છેલ્લા માસ્ટર ડેટા તેમજ LATEST RATES મુજબ બીલ ગણતરી સુનિશ્ચિત કરવા ફરી બીલ ગણવામાં આવે છે.

જે સીસ્ટમ દ્વારા ગણવામાં આવેલ બીલની રકમ, મીટર રીડર દ્વારા આપવામાં આવેલ બીલની રકમ કરતા વધુ હોય તો તફાવતની રકમ ગ્રાહકના ત્યાર બાદના બીલમાં બાકી રકમ તરીકે દર્શાવવામાં આવે છે. તેવી જ રીતે જો સીસ્ટમ દ્વારા ગણેલ બીલની રકમ, મીટર રીડર દ્વારા ગણેલ બીલ કરતા ઓછી હોય તો તફાવતની રકમ ત્યાર બાદના બીલમાં જમા રકમ તરીકે દર્શાવવામાં આવે છે.

વીજ બીલની રકમમાં ઉપરોક્ત તફાવત આવવાની શક્યતાઓ નીચે મુજબ દર્શાવવામાં આવેલ કારણોસર હોઈ શકે.

A. જો ગ્રાહકને બીલ ઇસ્યુ કર્યા બાદ તેમના કોન્ટ્રકટેડ લોડ કે ટેરીફમાં કોઈ ફેરફાર હોય, પણ સદર ફેરફાર બિલીંગ પીરીયડ પહેલાની તારીખથી અમલમાં આવે તો બિલીંગ સીસ્ટમ દ્વારા છેલ્લે અપડેટ થયેલ લોડ અને ટેરીફ મુજબ બીલની ગણતરી કરવામાં આવે છે.

B. Fuel and Power Purchase Costની ગણતરી કરવા માટે નક્કી કરવામાં આવેલ પદ્ધતિ મુજબ નિયત ત્રિમાસિક સમયગાળા દરમિયાન આપવામાં આવેલ વીજ બીલમાં ફયુલ અને વીજ ખરીદીના ભાવમાં થયેલ ફેરફારને કારણે તફાવતની રીકવરી માન. ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત ફોર્મ્યુલા મુજબ ગણતરી કરીને ત્યાર બાદના ત્રિમાસિક ગાળાના વીજ બીલમાં એડજેસ્ટમેન્ટ દ્વારા રીકવર કરવામાં આવે છે. આમ ફયુલ ચાર્જના નવા દર અગાઉની પુર્વદ્રશી તારીખથી અમલમાં આવે છે કે જેનું વીજ બીલ ગ્રાહકને જુના દર મુજબ આપેલ હોવાથી તે રીવાઈઝ કરવાની જરૂરિયાત રહે છે.

| Date | Particular | Meter Reader Calculated Bill | System Calculated |
|---|---|---|---|
| 20-Jun-22 | Previous Bill Date | As new data is not updated, entire bill will be calculated @ old rate | Prorate Unis from Prev Bill Date to New rate date is calculated @ old rate |
| 01-Jul-22 | New Rate Applicable Date | | Prorate Units from New rate date to current bill date will be calculated @ New Rate |
| 02-Aug-22 | Current Bill Date | | |
| 28-jul-22 | Date of Execution of New rate in System | | |

| Fuel Charge @ Old Rate | | |
|---|---|---|
| | | |
| Units | Old Rate | Amount |
| 380 | 2.3 | 874.00 |

આમ ઉપરોક્ત ઉદાહરણ માં ગ્રાહકને બીલ આપવામાં આવેલ ત્યારે ફયુલ ચાર્જ જુના દર મુજબ ગણવામાં આવેલ, પરંતુ ત્યાર બાદ નવા દર અમલમાં આવતા સીસ્ટમ દ્વારા ગણવામાં આવેલ ફયુલ ચાર્જની રકમમાં તફાવત જોવા મળે છે.

C. વધુમાં જો મીટર રીડર અને સીસ્ટમ દ્વારા જુના દરે બીલ ગણવામાં આવેલ હોય અને ફયુલ અને વીજ ખરીદીના ભાવમાં જો જૂની તારીખથી કોઈ ફેરફાર અમલમાં આવે તો બિલીંગ સીસ્ટમમાં સબંધિત ગ્રાહકના ખાતામાં ક્રેડીટ / ડેબીટ એડજેસ્ટમેન્ટ આવવામાં આવે છે.

D. વધુમાં પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રાહકના ખાતામાં જેમ કે લેબ રીપોર્ટ મુજબ બળી ગયેલ મીટરની રીકવરી, ચેકિંગ શીટ કે લેબ રીપોર્ટના આધારે સપ્લીમેન્ટરી બીલ આપવામાં આવેલ હોય, ઇન્ટરનલ ઓડીટ રીપોર્ટના આધારે કોઈ રીકવરી વગેરે જેવા કારણોસર ક્રેડીટ / ડેબીટ એડજેસ્ટમેન્ટ આપવામાં આવે તો તે રકમ ગ્રાહકના ખાતામાં જમા કે ઉધાર રકમ તરીકે દર્શાવવામાં આવે છે.

E. આ ઉપરાંત દર વર્ષે ગ્રાહકના ખાતામાં સિક્યુરીટી ડીપોઝીટનું વ્યાજ જમા કરવામાં આવે છે જે રકમ ગ્રાહકના ત્યાર બાદના વીજ બીલમાં જમા રકમ તરીકે દર્શાવવામાં આવે છે.

## Q-5. મારું મકાન બંધ હોવા છતાં આટલું બધું વધુ બીલ કેમ આપવામાં આવેલ છે?

**Response:**

૧ વધુમાં **GERC SUPPLY CODE CLAUSE 6.21** ની જોગવાઈ મુજબ મીટર રીડીંગ સમયે ગ્રાહકનું સ્થળ જો લોક હોય અથવા તો સદર જગ્યા ખુબ લાંબા સમય સુધી બંધ રહેતી હોવાના કારણે મીટર રીડીંગ શક્ય ન હોય તો ગ્રાહકના છેલ્લા ત્રણ વીજ બીલના વપરાશની સરેરાશ મુજબ પ્રથમ બે બીલ “PROVISIONAL” બીલ તરીકે અને ત્યાર બાદના બીલ મીનીમમ બીલ મુજબ આપવામાં આવે છે.

ત્યાર બાદ જ્યારે પણ આ પ્રકારના ગ્રાહકનું તેના વીજ મીટરમાં નોંધાયેલ યુનિટ વપરાશ મુજબ બીલ ગણવામાં આવે ત્યારે અગાઉ આપવામાં આવેલ સરેરાશ વીજ બીલની રકમ **“PROVISIONAL BILL REFUND”** તરીકે મજરે આપવામાં આવે છે. જેના તાત્કાલિક નિવારણ માટે ગ્રાહક્શ્રી એ પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

## Q-6. મારું વીજ મીટર બંધ હોવા / ડિસ્પ્લે ન આવતો હોવા છતાં આટલું બીલ કેમ આપવામાં આવેલ છે.?

**Response:**

૧. જયારે કોઈ ગ્રાહકનું વીજ બીલ F સ્ટેટ્સ એટલે કે ગ્રાહકના સ્થળે લગાડવામાં આવેલ વીજ મીટર FAULTY એટલે કે ખામીયુક્ત છે. જેમાં ગ્રાહકના છેલ્લા 3 વીજ બીલના સરેરાશ વપરાશ કે વીજ મીટરમાં નોંધાયેલ વપરાશ બેમાંથી જે વધુ હોય તે મુજબ બીલ ગણવામાં આવે છે. તેમજ આ પ્રકારના વીજ બીલની રકમ રીફંડ કરવામાં આવતી નથી.

## Q-7. સોલાર રૂફટોપ લગાવ્યા પછી મને બીલની ગણતરી સમજાતી નથી

**Response:**

### સોલાર બીલ ગણતરી:

૧. દરેક સોલાર ગ્રાહકમાં બે મીટર ઇન્સ્ટોલ કરવામાં આવે છે.

A. **BI-DIRECTIONAL MAIN METER**:

જેમાં ગ્રાહક દ્વારા વીજ વિતરણ કંપની ના પાવરનો કરવામાં આવેલ વપરાશ અને સોલાર સીસ્ટમ દ્વારા જનરેટ કરેલ પાવરમાંથી ગ્રાહકના અંગત વપરાશ બાદ વધારાના એક્સપોર્ટ કરેલ વીજ પુરવઠાનો હિસાબ રાખવામાં આવે છે.

B. **UNI DIRECTION**

જેમાં સોલાર સીસ્ટમ દ્વારા જનરેટ કરવામાં આવેલ કુલ વીજ પુરવઠાની નોંધ કરવામાં આવે છે.

૨. સોલાર ગ્રાહકનું વીજ બીલ NET METERING મુજબ કરવામાં આવે છે જેમાં (IMPORT UNIT – EXPORT UNIT) ના નેટ યુનિટ જો >૦ હોય તો તેટલા યુનિટનું સબંધિત ટેરીફ મુજબ બીલ બનાવવામાં આવે છે

| | | | |
|---|---|---|---|
| **PASCHIM GUJARAT VIJ COMPANY LIMITED** | | | |
| ADDRESS : Off. Nana Mava Road, Rajkot-360004 | WEBSITE : www.pgvcl.com | HELPLINE : 1800 233 155333 / 19122 | |
| CIN No : U40102GJ2003SGC042908 | GST No : 24AADCP1453C1ZZ | EMAIL : info.pgvcl@gebmail.com | |
| **ELECTRICITY eBILL : APR-MAY,22** | | | Click/Scan for Payment |

| | | |
|---|---|---|
| **SUSHILABEN OMPRAKASH GUPTA** | Sub-division Office | **Laxminagar** |
| AMRUT PARK PLOT NO.56 | Root Code | **1/10/02/066** |
| OPP. KISHAN | Bill No | **1/3387** |
| VILL:**Rajkot (M Corp+OG)** | Bill Date | **30-05-2022** |
| TAL:**RAJKOT** | Last Date of Payment | **09-06-2022** |
| DISTRICT:**RAJKOT** | | |

| | Tariff | Meter Code | H.P./K.W. | Seasonal | Days | S.D. |
|---|---|---|---|---|---|---|
| FEEDER CD: **191910490479** CENSUS CD: **40904000** | **RGPU** | **F** | **6.00** | | **61** | **3900.00** |

| Customer No: | Meter No | Sr.No. | Charges Details | Rupee |
|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **87601036847** | **DGBTP 010050** | | | | 1 | Fixed Charges | **91.50** |
| Phase | Meter Status | | Max. Demand | | 2 | Energy Charges | **5368.40** |
| | | | **0.00** | | 3 | Ujala Charges | **0.00** |
| | Active | IMP | Reactive/Night | EXP | 4 | Reactive Charges | **0.00** |
| Present Reading | **0** | **10172** | **0** | **8602** | 5 | Fuel Charges @ 2.3 Rs./Unit | **2794.95** |
| Past Reading | 0 | **8592** | **0** | **8189** | 6 | Electricity Duty Charges @ 15% | **1238.23** |
| Reading Difference | **1167** | **1580** | **0** | **413** | 7 | Meter Charges | **0.00** |
| MF | **1.00** | | | | 8 | Delayed Payment Charges | **0.00** |
| Total Consumption | **0** | | | | 9 | Bill Total | **9493.08** |
| Average Consumption | **528** | | | | 10 | Provisional Bill Refund Amount | **-0.00** |
| Max Demand | **0.00** | | | | 11 | Net Total | **9493.08** |
| Average Max Demand | **0.00** | | | | 12 | Arrears on date **16-05-2022** | **- 1778.37** |
| Total Company Charges | **90.00** | | | | 13 | Solar Purchase @ **2.25** | **0.00** |
| Provisional Bill Amount | **0.00** | | | | 14 | Un-Process Payment Amount | **0.00** |
| Adjustment Amount | **-165.75** | | | | 15 | Grand Total | **7714.71** |
| **Last Three Month Units** | | | | | 16 | Govt. Relief | **0.00** |
| Month | Nov | | Jan | Mar | 17 | Total Amount Due | **7714.71** |

અને જો નેટ યુનિટ <૦ હોય તો GUVNL / GERC દ્વારા નિયત કરવામાં આવેલ SOLAR POWER PURCHASE RATE મુજબ ની રકમ ગ્રાહકના ખાતામાં જમા કરવામાં આવે છે.

P G V C L

# PASCHIM GUJARAT VIJ COMPANY LIMITED


| | | |
|---|---|---|
| ADDRESS : Off. Nana Mava Road, Rajkot-360004 | WEBSITE : www.pgvcl.com | HELPLINE : 1800 233 155333 / 19122 |
| CIN No : U40102GJ2003SGC042908 | GST No : 24AADCP1453C1ZZ | EMAIL : info.pgvcl@gebmail.com |


**ELECTRICITY eBILL : APR-MAY,22**

**Click/Scan for Payment**

| | | |
|---|---|---|
| **RAMAGAURI R BARAD** | Sub-division Office | **Laxminagar** |
| VIVIDH KARM SOC PL-25 | Root Code | **1/9/06/183** |
| NANA MAVA ROAD | Bill No | **1/2533** |
| VILL:**Rajkot (M Corp+OG)** | Bill Date | **27-05-2022** |
| TAL:**RAJKOT** | Last Date of Payment | **06-06-2022** |
| DISTRICT:**RAJKOT** | Tariff Meter Code H.P./K.W. Seasonal Days S.D. | |
| FEEDER CD: **191911050000** CENSUS CD: **40904000** | **RGPU F 5.50 61 4022.00** | |

| Customer No: | Meter No | | | | Sr.No. | Charges Details | Rupee |
|---|---|---|---|---|---|---|---|
| **87601068099** | **EE-039481** | | | | 1 | Fixed Charges | **91.50** |
| Phase | Meter Status | | Max. Demand | | 2 | Energy Charges | **0.00** |
| | | | **0.00** | | 3 | Ujala Charges | **0.00** |
| | Active | IMP | Reactive/Night | EXP | 4 | Reactive Charges | **0.00** |
| Present Reading | **0** | **322** | **0** | **2025** | 5 | Fuel Charges @ 2.3 Rs./Unit | **0.00** |
| Past Reading | 0 | **1** | **0** | **1** | 6 | Electricity Duty Charges @ 15% | **0.00** |
| Reading Difference | **-1703** | **321** | **0** | **2024** | 7 | Meter Charges | **0.00** |
| MF | **1.00** | | | | 8 | Delayed Payment Charges | **0.00** |
| Total Consumption | **0** | | | | 9 | Bill Total | **91.50** |
| Average Consumption | **315** | | | | 10 | Provisional Bill Refund Amount | **-0.00** |
| Max Demand | **0.00** | | | | 11 | Net Total | **91.50** |
| Average Max Demand | **0.00** | | | | 12 | Arrears on date **16-05-2022** | **-81.87** |
| Total Company Charges | **90.00** | | | | 13 | Solar Purchase @ **2.25** | **-3831.75** |
| Provisional Bill Amount | **0.00** | | | | 14 | Un-Process Payment Amount | **0.00** |
| Adjustment Amount | **-170.94** | | | | 15 | Grand Total | **-3822.12** |
| | **Last Three Month Units** | | | | 16 | Govt. Relief | **0.00** |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Month | Nov | Jan | Mar | 17 | Total Amount Due | - 3822.12 |
| Unit | 406 | 70 | 0 | 18 | Interest Amount | |
| Bill Amount | 2768.90 | 514.07 | 90.00 | 19 | Theft Arrears | 0.00 |
| Amount Due / ભરવાપાત્ર રકમ : Rs. -3822.12 | | | | 20 | Litigation Arrears | 0.00 |

3. ઉપરોક્ત જમા થયેલ રકમમાંથી દર નાણાકીય વર્ષના અંતે જો જમા રકમ રહે તો વર્ષાન્તે ગ્રાહકના ખાતે જમા રહેલ રકમ કે વર્ષ દરમિયાન જમા થયેલ સોલાર પાવર પરચેઝની રકમ બે માંથી જે ઓછું હોય તેમાંથી રૂ.૧૦૦/- જમા રાખીને બાકીની રકમનું ચેક / RTGS દ્વારા પેમેન્ટ કરવામાં આવે છે.

## Q-8. મેં આજે ઓનલાઈન વીજ બીલ પેમેન્ટ કરેલ છે પણ હજુ પી.જી.વી.સી.એલ. તરફથી કન્ફર્મેશન મળેલ નથી.

**Response:**

સામાન્ય રીતે ઓનલાઈન કરવામાં આવેલ વીજ બીલ પેમેન્ટ તેની પેમેન્ટ તારીખથી કામકાજના ૨ દિવસો સુધીમાં બિલીંગ સીસ્ટમમાં સબંધિત ગ્રાહકના ખાતામાં જમા કરવામાં આવે છે.

આથી આપને વીજ બીલ પેમેન્ટ કર્યાની તારીખથી કામકાજના ૨ દિવસો બાદ પણ આપને પી.જી.વી.સી.એલ.તરફથી વીજ બીલ પેમેન્ટ મળ્યા અંગેનો એસ.એમ.એસ. ન મળે તો આપની પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવા વિનંતી

## Q-9. મારાથી ભૂલથી વીજ બિલ કરતા વધારે રકમનું પેમેન્ટ થઈ ગયેલ છે, રીફંડ માટે શું કરવું?

**Response:**

વીજ બીલ કરતા વધુ રકમનું પેમેન્ટ થઇ ગયેલ હોય તેવા કિસ્સામાં રીફંડ માટેના વિનંતી પત્ર કે જેમાં સદર બાબતની તમામ માહિતી જેવી કે રકમ, તારીખ, ટ્રાન્ઝેક્શન આઈ.ડી. વગેરે સમાવિષ્ટ કરીને, રસીદની નકલ, બેંક / વોલેટ સ્ટેટમેન્ટની નકલ જેવા આનુસંગિક દસ્તાવેજો જોડીને પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવા વિનંતી.